ઈનવર્ડ નં.૯૧, તા.૦૮/૦૧/૨૦૧૯ (મોજે : વલ્લભ વિધાનગરના સી.સ.નં.૧૦૫૯/પૈકી, પ્લોટ નં.૧૨૪, ક્ષેત્રફળ ૪૧૮.૬૨ ચો.મી.)

આણંદ-વલ્લભ વિધાનગર-કરમસદ શહેરી વિકાસ સત્તામંડળ, આણંદ

AVKUDA

જુની પ્રાંત કચેરી, અમુલ ડેરી રોડ, તા.જિ.આણંદ-૩૮૮૦૦૧

ફોન નં.(૦૨૬૯૨) ૨૪૨૨૦૪ E mail id - avkudaand@gmail.com

નં.અવકુડા/લે.આઉટ/વિ.પ./વશી/ ૨૫૭ તા. ૬૨ /૦૩ /૨૦૧૯

પ્રતિ,
શ્રી ભરતભાઈ જગદિશભાઈ મહેશ્વરી
ઠે.૯, શાંતીકુંજ સોસાયટી, અમુલ હાઈટ્સ પાસે,
ગણેશ ચોકડી, મુ.પો.આણંદ, તા.જિ.આણંદ

વિષય :- મોજે – વલ્લભ વિધાનગર, તા.જિ.આણંદના સી.સ.નં.૧૦૫૯/પૈકી, પ્લોટ નં.૧૨૪ માં રહેણાંક હેતુ માટેના લે-આઉટ અને બાંધકામની મંજુરી આપવા બાબત.

સંદર્ભ :- આપશ્રીની તારીખ.૦૮/૦૧/૨૦૧૯ ની અરજી અન્વયે.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વેની સંદર્ભ હેઠળની અરજી અન્વયે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (સન.૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭) ની કલમ-૨૯(૧)(૧), ૨૯(૧)(૨), ૨૯(૧)(૩), ૩૪ અને ૪૯(૧)(ખ) હેઠળ મોજે ગામ : વલ્લભ વિધાનગર, તાલુકો : આણંદ, જીલ્લો : આણંદના સી.સ.નં.૧૦૫૯/પૈકી, પ્લોટ નં.૧૨૪, ક્ષેત્રફળ ૪૧૮.૬૨ ચો.મી. જમીનમાં રહેણાંક હેતુ માટે ભોયતળીયે ૧૭૪.૮૯ ચો.મી. બાંધકામ માટેના લે-આઉટ અને બાંધકામની મંજુરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૬(૧) હેઠળ સરકારશ્રીમાં તા.૧૬/૧૦/૨૦૧૭ ના રોજ સાદર કરેલ મુસદ્દારૂપ વિકાસ યોજના મુજબનો અભિપ્રાય હોઈ, તે બાદ સવાલવાળી જમીનમાં મુસદ્દારૂપ વિકાસ યોજના સરકારશ્રી દ્વારા મંજુર થયેથી જે કોઈ અસર થાય તે જમીન માલિક/ડેવલોપર્સને બંધનકર્તા રહેશે. તે બાદ કોઈ, વાદ-વિવાદ થાય તેની સંપુર્ણ જવાબદારી જમીન માલિક/ડેવલોપર્સની રહેશે તેવી ખાસ શરત તથા નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

<u>લે-આઉટની શરતો :-</u>

(૧) આ મંજુરી ફકત લે-આઉટ તથા બાંધકામ અન્વયેની છે. સ્થળ પર બાંધકામ કરતા પહેલા જી.ડી.સી.આર. પ્રમાણે બાંધકામના નકશા નિયત ફોર્મમાં, જરૂરી ફી તથા પ્રમાણપત્ર સાથે અરજી કરી બાંધકામ માટે વિકાસ પરવાનગી મેળવી લેવાની રહેશે.

(૨) રજુ કરેલ લે-આઉટ તથા બાંધકામ જે હેતુ માટે મંજુર કરવામાં આવતો હોય, તે જ હેતુનો ઉપયોગ કરવાનો રહેશે. અન્ય હેતુ માટે ઉપયોગ કરવાના કિસ્સામાં પ્રથમ હેતુ ફેર મંજુર કરવાનો રહેશે.

(૩) રસ્તાઓ તથા સાર્વજનિક હેતુ માટેની જમીન સાર્વજનિક ઉપયોગ માટે ખુલ્લી રાખવાની રહેશે. આંતરિક રસ્તાઓ પાકા કરવાના રહેશે. આંતરિક રસ્તા તથા સાર્વજનિક પ્લોટોની માલિકી સર્વ પ્લોટ હોલ્ડરની સહિયારી ગણાશે. કોમન પ્લોટ વેચાણ કરી શકાશે નહી.

(૪) આ પરવાનગીથી અરજદારને માલિકી, જમીનની હદ તથા જમીનના ક્ષેત્રફળ અંગેની મંજુરી મળતી નથી. પરંતુ ફકત લે-આઉટ તથા બાંધકામ નકશાને મંજુરી મળે છે

(૫) જી.ડી.સી.આર.ના વિનિમય મુજબ અરજદારશ્રીએ ખોટી માહિતી અથવા ખોટા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ હશે તો આ પરવાનગી આપોઆપ રદ ગણાશે.

(૬) અરજદારશ્રી ભવિષ્યમાં મંજુર થયેલ લે-આઉટ તથા બાંધકામમાં કોઈપણ સુધારો/ફેરફાર કરે તો સત્તામંડળ તરફથી નકકી કરવામાં આવે તે નિયમ મુજબની ફી ભરી નવેસરથી મંજુરી મેળવી લેવાની રહેશે.

(૭) મંજુર કરેલ લે-આઉટ તથા બાંધકામ મુજબ સ્થાનિકે પ્લોટીંગ કરવાનું રહેશે.
(૮) સવાલવાળી જમીનને મળતા પ્રવેશ અંગે સબંધિત ખાતાનો અભિપ્રાય મેળવી લેવાનો રહેશે.
(૯) સવાલવાળી જમીનની માલિકી બાબતે સબંધિત મહેસુલ ખાતાનો અભિપ્રાય મેળવી લેવાનો રહેશે.
(૧૦) સવાલવાળી જમીનની હદો તેમજ ક્ષેત્રફળ બાબતે સબંધિત ખાતાનો અભિપ્રાય મેળવી લેવાનો રહેશે.
(૧૧) માપણી શીટ/ટીપ્પણ મુજબ સી.સ.નં.૧૦૫૯/પૈકી, પ્લોટ નં.૧૨૪ માં ની હદો સ્થળ કાયમ ગણવાની રહેશે.
(૧૨) સવાલવાળી જમીનમાંથી પસાર થતા ડી.પી.રોડની કપાત સ્થળે જાળવી રાખવાની રહેશે.
(૧૩) સત્તામંડળના વખતો વખતના નિયમો મુજબ નક્કી થાય તે વિકાસ ચાર્જ ભરવાનો રહેશે.
(૧૪) સદર મંજુરી અવકુડાની આખરી વિકાસ યોજનાની દરખાસ્તોને આધિન સવાલવાળી જમીનને જે કોઈ અસર થાય તે જમીન માલિક/ડેવલોપર્સને બંધન કર્તા રહેશે.
(૧૫) લે-આઉટ તથા બાંધકામ પ્લાનમાં દર્શાવેલ હદો, હદોના માપ, રસ્તાની પહોળાઈ, માર્જિન અંતરો તથા કોમન પ્લોટના માપો સ્થળ ઉપર જાળવવાના રહેશે.
(૧૬) નેશનલ બિલ્ડીંગ કોડ મુજબ તથા ભુકંપ/વાવાઝોડા/પ્રતિરોધક મકાન બનાવવવાના રહેશે.
(૧૭) આખરી વિકાસ યોજનાના જી.ડી.સી.આર.ની જોગવાઈ મુજબ ચુસ્તપણે મકાન બનાવવાના રહેશે.
(૧૮) સવાલવાળી જમીનમાં ૨૦૦.૦૦૦ ચો.મી. અથવા તેના ભાગે ત્રણ વૃક્ષોનું વાવેતર, નિભાવણી મુજબ વૃક્ષો ઉગાડવાના રહેશે. વિકાસ પરવાનગી આપ્યાના પાંચ વર્ષ બાદ તેની ચકાસણી કરવામાં આવશે અને જો યોગ્ય રીતે વૃક્ષ ઉછેર કરવામાં આવ્યા ન હોય તેની જાળવણી માટેની યોગ્ય વ્યવસ્થા કરાયેલ ન હોય તો ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.
(૧૯) સવાલવાળી જમીનમાં પાયાની સુવિધા જેવી કે પાણીની લાઈન, ગટરલાઈન, લાઈટના થાભલા તથા રસ્તાઓ બનાવવા સહિતનું ડેવલોપમેન્ટ વિકાસકર્તાએ કરવાનું રહેશે. જે પુર્ણ થયા અંગેનું અત્રેથી પ્રમાણપત્ર મેળવવાનું રહેશે. ત્યારબાદ રજીસ્ટર દસ્તાવેજથી અન્ય ઈસમોને વેચાણ કરી શકશે.
(૨૦) શહેરી વિકાસ સત્તામંડળ તરફથી આપશ્રીને જે જમીનના લે-આઉટની મંજુરી આપવામાં આવેલ છે. તે જમીનની કાયદેસરની માપણી સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેટશ્રી તેમજ ડી.આઈ.એલ.આર.શ્રી આણંદ પાસે કરાવી લેવાની રહેશે.
(૨૧) સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના હુકમ ક્રમાંક-૨૫૨૧/૧૦૨૦૦૦/૧૪૩૭/અ તા.૨૯/૦૪/૨૦૦૦ અન્વયે સદર જમીનમાં વરસાદી પાણીના વહન માટે ૪૦૦૦ ચો.મી. દીઠ એકના ધોરણે પર-કોલટીંગ બોરવેલની વ્યવસ્થા રાખવાની રહેશે.
(૨૨) સદરહું જમીનમાં બીનખેતીનો ઉપયોગ કરતા પહેલા અન્ય કાયદા હેઠળ પરવાનગી લેવાની થતી હોય તો જે તે સંસ્થા પાસેથી મેળવી લેવાની રહેશે.
(૨૩) મંજુર સર્વે નંબરના લે-આઉટમાં બતાવેલ જમીનમાંથી "અવકુડા" કોઈ જમીન લીધી હશે અગર કોઈ ભાગ છોડાવવા હુકમ કરેલો હશે અગર સનદ સિવાયના કોઈભાગ "અવકુડા" એ કબજો કર્યા હશે તો તે સિવાયના ભાગ માટે વિકાસ પરવાનગી અધિકૃત સનદનાં માપને આધીન રહિને આપેલ ગણાશે.
(૨૪) વિકાસ પરવાનગી આણંદ-વલ્લભ વિધાનગર-કરમસદ શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તાર માટે સરકારશ્રીના તા.૧૨/૧૦/૨૦૧૭ ના રોજ મંજુર કરેલ કોમ્પ્રીહેન્સીવ જી.ડી.સી.આર. મુજબ આપવામાં આવી છે. અને ખાનગી હકોના નુકશાન અંગે સત્તામંડળ કંઈપણ જવાબદારી લેતી નથી.
(૨૫) સવાલવાળી જમીન લેન્ડ એકવીઝેશન એકટ-૧૯૮૪ મુજબ એક્વાયર કરવાની સદર એકટની કલમ-૪ અન્વયે નોટીફીકેશન નીકળ્યા હશે તો એકવીઝેશન એકટ-૨૪(૭) મુજબ મે.કલેકટર સાહેબની રજા બાંધકામ શરૂ કરતા પહેલા લેવાની રહેશે.
(૨૬) જો પ્રશ્નવાળી જમીન પર બોજો હશે તો ધિરાણ કરનાર સંસ્થાની શરતો પણ બંધનકર્તા રહેશે.]
(૨૭) સવાલવાળી જમીનમાંથી અન્ય લાગુ જમીનમાં પ્રવેશ ધરાવતા આંતરિક રસ્તાઓ કાયમ માટે ખુલ્લા રાખવાના રહેશે.
(૨૮) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૧૩/૦૫/૨૦૧૦ ના પત્ર ક્રમાંક-પરચ-૧૦૨૦૧૦-૨૭૭૬ થી જણાવ્યા મુજબ બોરવેલ/ટ્યુબવેલમાં નાના બાળકો પડી જવાની દુર્ઘટનાઓ નિવારવા માટે સર્વોચ્ચ અદાલતે નક્કી કરેલ ગાઈડ લાઈન મુજબ તકેદારીના પગલા લેવાના રહેશે.
(૨૯) સવાલવાળી જમીનની ઉત્તર / દક્ષિણ /પુર્વ / પશ્ચિમ પૈકી જે બાજુથી પસાર થતા વર્ગીકૃત રસ્તા તથા જમીનની લાગુમાં હાઈટેન્શન લાઈન, રેલ્વે લાઈન, કેનાલ, નદી-નાળા વિગેરે જે પસાર થતા હોય તો તેનાથી છોડવા પડતા માર્જીન અંગે સબંધિત સક્ષમ અધિકારી પાસેથી " ના-વાંધા " પ્રમાણ પત્ર મેળવી લેવાના રહેશે.
(૩૦) સૌ પ્રથમ કલેકટરશ્રી, આણંદ પાસેથી બીનખેતીની મંજુરી મેળવી લેવાની રહેશે. ત્યારબાદ અવકુડાની અલગથી મંજુરી મેળવ્યા બાદ જ બાંધકામ કરવાનું રહેશે.
(૩૧) ભવિષ્યમાં લાગુ સર્વે નં./બ્લોક નં. / ફા.પ્લોટમાં વિકાસ થશે જે ધ્યાને લઈ રસ્તાની કન્ટીન્યુટી જળવાઈ રહે તે માટે રસ્તા (પ્રવેશ) ખુલ્લા રાખવાના રહેશે.
(૩૨) ઉપર જણાવેલી શરતોનો ભંગ કરવા બદલ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૩૫, ૩૬, ૩૭ ની જોગવાઈ મુજબ દંડ તથા જરૂરી પગલાને પાત્ર રહેશે.
(૩૩) ઉપર જણાવેલ કોઈપણ શરતોનો ભંગ કરવામાં આવશે તો આપેલ પરવાનગી આપોઆપ રદ થયેલી ગણાશે.

કામનું વર્ણન :-

અ.નં.	ફ્લોર (માળ)	બાંધકામમાં (બિલ્ડઅપ) નું ઉપયોગી ક્ષેત્રફળ (ચો.મી.)	બાંધકામનો ઉપયોગ	એકમની સંખ્યા	રીમાર્કસ
૧.	૨.	૩.	૪.	૫.	૬.
૧	ભોયતળીયું	૧૭૪.૮૯ (પ્રપોઝ)	પાર્કિંગ	-	-
૨	પ્રથમ માળ	૧૭૪.૮૯ (પ્રપોઝ)	રહેણાંક	૦૨	-
૩	બીજો માળ	૧૭૪.૮૯ (પ્રપોઝ)	રહેણાંક	૦૨	-
૪	ત્રીજો માળ	૧૭૪.૮૯ (પ્રપોઝ)	રહેણાંક	૦૨	-
૫	ચોથો માળ	૧૭૪.૮૯ (પ્રપોઝ)	રહેણાંક	૦૨	-
૬	પાચમો માળ	૧૭૪.૮૯ (પ્રપોઝ)	રહેણાંક	૦૨	-
	કુલ	૧૦૪૯.૮૮			

બાંધકામની શરતો :-

(૧) આ વિકાસ પરવાનગીથી કોમ્પ્રીહેન્સીવ જી.ડી.સી.આર.ના વિનિમયો મુજબ ફક્ત બાંધકામ માટેની જ પરવાનગી મળે છે. અન્ય લાગુ પડતા કાયદા/નિયમો અન્વયે પરવાનગી મળતી નથી.

(૨) સત્તામંડળ તરફથી બાંધકામની પરવાનગી મેળવ્યા બાદ જ બાંધકામ શરૂ કરવાનું રહેશે તેમજ સરકારશ્રીના તા.૧૨/૧૦/૨૦૧૭ ના જાહેરનામાં મુજબ મંજૂર થયેલ જી.ડી.સી.આર.માં જણાવ્યા મુજબ તબક્કાવાર બાંધકામ અંગેનું પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે.

(૩) જી.ડી.સી.આર.ની જોગવાઈ તથા સરકારશ્રીના તા.૨૯/૦૫/૨૦૦૧ ના સ્ટ્રકચરલ સેફ્ટી અંગેના હુકમના વિનિયમો અનુસાર બાંધકામ સ્થળની જરૂરીયાતોની જોગવાઈઓનું પાલન થયેથી જ સ્થળ ઉપર બાંધકામ કરવાનું રહેશે.

(૪) સેપ્ટીક ટેંક તથા સોકવેલની સાઈઝ તથા સંખ્યા નેશનલ બિલ્ડીંગ કોડ (આઈ.એસ.૨૪૭૦) તથા સિવિલ એન્જીનીયરીંગ હેન્ડબુક બાયલોઝ મુજબ ડ્રેનેજ લે-આઉટમાં દર્શાવાનાં રહેશે અને તે અનુસાર જોગવાઈ કરવાની જવાબદારી આર્કિટેકટ/ઈજનેર/ સ્ટ્રકચરલ એન્જીનીયર / કલાર્ક/સુપરવાઈઝર / ડેવલોપર્સ / જમીન માલીકની રહેશે.

(૫) વિકાસ પરવાનગી પત્ર તથા મંજુર થયેલ નકશાઓનો એક સેટ સ્થળ પર પ્રસિધ્ધ કરવાનો રહેશે.

(૬) બાંધકામ પુર્ણ થયા બાદ બાંધકામનો ઉપયોગ શરૂ કરતા પહેલા નિયમોનુસાર અત્રેથી બાંધકામનું વપરાશ અંગેનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ જ વપરાશ શરૂ કરવાનું રહેશે.

(૭) જી.ડી.સી.આર.ની જોગવાઈઓ મુજબ મેન્ડટરી ડીસ્કલોઝરની જોગવાઈઓ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૮) નકશામાં દર્શાવ્યા મુજબ માપો સ્થળે જાળવવાના રહેશે.

અન્ય શરતો :-

(૧) શહેરી ટોચમર્યાદા અને નિયમન અધિનિયમ-૧૯૭૬ અન્વયે કોમ્પીટન્ટ ઓથોરીટી પાસેથી જરૂરી ના-વાંધા પ્રમાણપત્ર જરૂર જણાયે મેળવવાની જવાબદારી અરજદારની રહેશે.

(૨) સદરહું જમીનમાં બીનખેતીનો ઉપયોગ કરતા પહેલા અન્ય કાયદા હેઠળ પરવાનગી લેવાની થતી હોય તો તે મેળવી લેવાની જવાબદારી અરજદારની રહેશે.

(૩) વિકાસ કામની પરવાનગી અર્થે સર્વે નંબર/અથવા અંતિમ ખંડ અગર પ્લોટમાં અરજદાર જે જમીનમાં માલિક છે તે જમીન પુરતી પરવાનગી આપવામાં આવેલ છે.

(૪) વિકાસ નકશા અને નગર રચના યોજનાની જુદા જુદા વિસ્તારમાં જમીનો અને મકાનોના ઉપયોગ વિશે જે ખાસ નિયમો હશે તેના વિરૂધ્ધનો ઉપયોગ કરી શકાશે નહી.

(૫) મંજુર નંબરમાં બતાવેલી જમીનમાંથી "અવકુડા" એ કંઈક જમીન લીધી હશે અગર કોઈ ભાગ તે છોડાવવા હુંકમ કરેલો હશે અગર સનદ સિવાયના કોઈ ભાગ "અવકુડા" એ કબજો કર્યા હશે તે સિવાયના ભાગ માટે વિકાસ પરવાનગી પાત્ર સમજવાનો રહેશે તથા આ પરવાનગી અધિકૃત સનદના માપને આધીન રહીને આપેલ ગણાશે.

(૬) અરજદારે નિયમોનુસાર ભરવાનો થતો વિકાસ ચાર્જ સત્તામંડળ નકકી કરે તે ભરવાનો રહેશે.

(૭) માલીકને વિકાસ માટેની પરવાનગી આપવામાં આવી હશે તો પણ તેમણે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ મુજબ નગર રચના યોજના માટે ફાળો આપવાનો રહેશે.

૪.....

(૮) વિકાસ પરવાનગી આણંદ-વલ્લભ વિધાનગર-કરમસદ શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તાર માટે સરકારશ્રીના તા.૧૨/૧૦/૨૦૧૭ ના રોજ મંજુર કરેલ કોમ્પ્રીહેન્સીવ જી.ડી.સી.આર. મુજબ આપવામાં આવી છે. અને ખાનગી હકોના નુકશાન અંગે સત્તામંડળ કંઈપણ જવાબદારી લેતી નથી.

(૯) આ વિકાસ પરવાનગી પત્ર તથા મંજુર થયેલ નકશા સત્તામંડળના અધિકૃત અધિકારી / કર્મચારી જોવા માગે તો તેમને બતાવવા માલિક બંધાવેલ છે તે નહી બતાવશે તો બાંધકામ બંધ કરવા હુંકમ કરશે તે મુજબ બંધ કરવું પડશે.

(૧૦) રસ્તા ઉપર ઈમારતી સામાન અગર પુરણી પ્રથમથી મંજુરી મેળવ્યા સિવાય નાખવી નહી. મંજુરીથી નાખેલ પુરણી વિગેરે અંગે વ્યવસ્થિત જોઈતું કોર્ડન કરી, ટ્રોફીકને અડચણ ન થાય તેમ નાખવી.

(૧૧) બાંધકામ અંગેના લેન્ડ એકવીઝેશન એકટ-૧૯૮૪ મુજબ એકવાયર કરવાને સદર એકટની કલમ-૪ અન્વયે નોટીફીકેશન નિકળ્યા હશે તો એકવીઝેશન એકટ-૨૪ (૨૭) મુજબ મે.કલેકટર સાહેબની મંજુરી બાંધકામ શરૂ કરતા પહેલા લેવાની રહેશે.

(૧૨) જો પ્રશ્નવાળી જમીન ઉપર બોજે હશે તો ધિરાણ કરનાર સંસ્થાની શરતો પણ બંધનકર્તા રહેશે.

(૧૩) ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ એકટ-૧૯૭૬ સિવાયના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ લેવા પાત્ર મંજુરીને આધિન રહીને વિકાસ પરવાનગી આપવામાં આવશે.

(૧૪) માર્જીનવાળા ભાગમાં પ્લોટને ફરતે એક બીજાથી ૩.૦ મીટરના અંતરે શરત મુજબ વૃક્ષો ઉગાડવાના રહેશે.

(૧૫) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૧૩/૦૫/૨૦૧૬ ના પત્ર ક્રમાંક-પરચ-૧૦૨૦૧૦-૨૦૦૬ થી જણાવ્યા મુજબ બોરવેલ/ટયુબવેલમાં નાના બાળકો પડી જવાની દુર્ઘટનાઓ નિવારવા માટે સર્વોચ્ચ અદાલતે નકકી કરેલ ગાઈડ લાઈન મુજબ તકેદારીના પગલા લેવાના રહેશે.

(૧૬) આ પરવાનગીનો કારણે અરજદારે માલિકી, જમીનની હદ તથા જમીન વિસ્તાર / ક્ષેત્રફળ અંગેની મંજુરી મળતી નથી. પરંતુ બાંધકામ અંગેની મંજુરી આપવામાં આવે છે

(૧૭) આ વિકાસ પરવાનગીથી ખાનગી હકકો અંગે સત્તામંડળની કોઈપણ જવાબદારી રહેતી નથી.

(૧૮) જમીન તથા મકાનની માલિકી, સુખાધિકારો, જમીન ઈમારતના ક્ષેત્રફળમાં દફતરે નોંધાયેલ ફેરફારો, સ્ટ્રકચર અંગે અહેવાલ અને રેખાંકનો, મકાનના ચણતરમાં વપરાયેલ માલ-સામાનની વિશ્વનિયતા તેમજ તેની કામગીરી તથા પ્લાન નકશા ઉપર માલિકોની સહીઓની ચોકકસતા અંગે સત્તામંડળની કોઈ જવાબદારી રહેશે નહિ.

(૧૯) વખતો વખત શહેરી વિકાસ સત્તામંડળ/સરદાકારશ્રી તરફથી વિકાસ માટેના જે નિયમો તથા જાહેરાત કરાય તે માલિક હીત સંબંધ ધરાવતી વ્યકિત / સંસ્થા તેમજ અરજદારને બંધનકર્તા રહેશે.

(૨૦) સદર વિકાસ પરવાનગી અન્વયે જમીન માલિકીમાં ફેરફાર થાય અથવા આ પરવાનગી સાથે સંકળાયેલ રજીસ્ટ્રેશન ધરાવતી વ્યકતી બદલાતા નવી જમીન માલિકી અંગેના પુરાવા રજુ કરે ત્યાં સુધી તથા રજીસ્ટ્રેશન ધરાવતી વ્યકતીની નિમાણુક નિમણુક ન થાય ત્યાં સુધી કોમ્પ્રીહેન્સીવ જી.ડી.સી.આર.ના વિનિયમો મુજબ વિકાસ પરવાનગી વિલંબિત ગણાશે તથા સદરહું સમય દરમ્યાન બાંધકામ બિનઅધિકૃત ગણાશે.

(૨૧) આ વિકાસ પરવાનગી પત્ર મંજુરી આપ્યા તારખથી ૧૨-માસ સુધી જ અમલમાં રહેશે. ત્યારબાદ અધિનિયમની કલમ-૩૨ મુજબ વધારાની પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

(૨૨) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬ ની કલમ-૩૩ મુજબ વિકાસ યોજનામાં જો કોઈ ફેરફાર થાય તો સત્તામંડળે આપેલ વિકાસ પરવાનગીમાં ફેરફાર કરી શકાશે અથવા વિકાસ પરવાનગી રદ કરી શકાશે.

(૨૩) કોમ્પ્રીહેન્સીવ જી.ડી.સી.આર.ના વિનિયમો મુજબ અરજદારશ્રીએ ખોટી માહિતી અથવા ખોટા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ હશે તો આપેલ વિકાસ પરવાનગી આપોઆપ રદ ગણાશે.

(૨૪) રજીસ્ટર્ડ ક્લાર્ક ઓફ વર્કસ / સાઈટ સુપરવાઈઝર / વિકાસ કર્તા માલિકીની બાહેધરીના પ્રમાણપત્ર પુરાવા અંગેનું રજીસ્ટ્રેશન આર્કીટેકટશ્રી ધ્વારા કરાવી લેવાનું રહેશે.

(૨૫) રજુ કરેલ ફોર્મ-૨(બી) ની વિગતો બરાબર છે. અને તેની જવાબદારી સ્ટ્રકચર ઈજનેર તથા આર્કિટેકટની રહે છે.

(૨૬) વિકાસ પરવાનગી મેળવ્યા સિવાય કરેલ બાંધકામ બિન અધિકૃત ગણાશે. કોમ્પ્રીહેન્સીવ જી.ડી.સી.આર.ના વિનિયમ પ્રમાણે બાંધકામને કોમ્પ્રીહેન્સીવ જી.ડી.સી.આર.ના વિનિયમને આધિન દંડને પાત્ર રહેશે. જયારે કોમ્પ્રીહેન્સીવ જી.ડી.સી.આર.ની વિનિયમ વિરૂધ્ધનું બાંધકામ અરજદારના ખર્ચે દુર કરવાનું રહેશે.

(૨૭) સરકારશ્રીના તા.૨૯/૦૫/૨૦૦૧ ના હુંકમ ક્રમાંક-પરચ/૧૦૦૨૦૦૧/૪૫૫/એલ/મુજબ વિકાસ નિયમોના સ્ટ્રકચરલ ડીઝાઈનના નિયમમાં ભુકંપ માટેની નેશનલ બિલ્ડીંગ કોડ તથા ઈન્ડીયન સ્ટાન્ડર્ડ સ્પેસીફીકેશન ની જોગવાઈઓ મુજબના પ્રમાણ પત્રો, સોઈલ ટેસ્ટીંગ, સ્ટ્રકચરલ સ્ટેબીલીટીના પ્રમાણપત્રોની સક્ષમ અધિકારીશ્રી ધ્વારા ચકાસણી કરી તે મુજબ અમલ કરવાનો રહેશે. સવાલવાળી જમીનમાં સોઈલ ટેસ્ટીંગ કરાવી તે મુજબની સ્ટ્રકચર ડીઝાઈન કરાવવાની રહેશે તથા તે પ્રમાણે સ્ટ્રકચરલ એન્જીનીયરશ્રીની દેખરેખ હેઠળ બાંધકામ કરાવવાનું રહેશે.

૫....

(૨૮) ઉપર જણાવેલ શરતોનો ભંગ કરવા બદલ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૩૫, ૩૬, ૩૭, ની જોગવાઈ મુજબ દંડ તથા જરૂરી પગલાને પાત્ર થશે અને આ શરતોનો અમલ જવાબદાર ઈસમોના / સંસ્થાના ખર્ચે અને જોખમે કરાવી શકાશે અને સત્તામંડળના તેવા કૃત્યના લીધે જે નુકશાન ખોટ કે હરકત થાય તે બદલ કોઈપણ વળતર કે બદલો મળશે નહી.

(૨૯) જમીન માલિક/ડેવલોપર્સ ફાયર સેફ્ટીની જોગવાઈ ધારાધોરણ મુજબ કરવાની તથા કાયમ માટે તેની નિભાવણી કરવાની રહેશે.

(૩૦) સવાલવાળી જમીનમાં ભવિષ્યમાં સોસાયટીના સભ્યો (કબ્જેદારો) ધ્વારા કોઈ વાદ-વિવાદ તથા કોર્ટ મેટર થાય તેની સંપૂર્ણ જવાબદારી અરજદારશ્રીની રહેશે.

(૩૧) ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ એકટ-૨૦૧૩ તથા ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ રૂલ્સ-૨૦૧૪ અને ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી રેગ્યુલેશન-૨૦૧૬ અન્વયે ફાયર સુપ્રન્ટેન્ડેન્ટશ્રી આણંદ નગરપાલિકાનો અભિપ્રાય મેળવ્યા બાદ જ જમીનનો ઉપયોગ કરવાનો રહેશે.

(૩૨) સવાલવાળી જમીનમાં બાંધકામ શરૂ કરતા પહેલા મજુરો ધ્વારા ખુલ્લામાં શૌચક્રિયા થતી બંધ કરવા માટે મજુરો માટે હંગામી ટોયલેટ બનાવવાનું ફરજીયાત રહેશે.

(૩૩) સવાલવાળી જમીનમાંથી બાંધકામ સમયે નીકળતી સાદી માટી અન્ય જગ્યાએ ખસેડવામાં આવે તો અરજદારશ્રીએ ખાણ ખનીજ ખાતામાં રોયલ્ટી ભરપાઈ કરવાની રહેશે.

(૩૪) ઉપર જણાવેલ કોઈપણ શરતોનો ભંગ કરવામાં આવશે તો પરવાનગી રદ થયેલી ગણાશે.

સહી/-
ચેરમેન
આણંદ-વલ્લભ વિધાનગર-કરમસદ
શહેરી વિકાસ સત્તામંડળ, આણંદ

નોંધ :- (૧) અરજદારશ્રીએ વિકાસ ચાર્જ રૂ.૬૨,૯૭૫/- તા.૦૧/૦૩/૨૦૧૯ ના રોજ એચ.ડી.એફ.સી. બેન્કમાં ચલણ નં.એ-૮૩૪ થી ભરપાઈ કરી અસલ ચલણ અત્રે રજુ કરેલ છે.

(૨) અરજદારશ્રીએ વૃક્ષા રોપણ ડીપોઝીટ રૂ.૫,૫૦૦/- તા.૦૧/૦૩/૨૦૧૯ ના રોજ એચ.ડી.એફ.સી.બેન્કમાં ચલણ નં.એ-૪૮૮ થી ભરપાઈ કરી અસલ ચલણ અત્રે રજુ કરેલ છે.

(૩) અરજદારશ્રીએ ફ્લેક્ષ બેનર ફી રૂ.૪૫૫૦/- તા.૦૧/૦૩/૨૦૧૯ ના રોજ એચ.ડી.એફ.સી. બેન્કમાં ચલણ નં.એ-૪૬૦ થી ભરપાઈ કરી અસલ ચલણ અત્રે રજુ કરેલ છે.

(૪) અરજદારશ્રીએ ચકાસણી ફી રૂ.૨૧,૦૦૦/- તા.૦૧/૦૩/૨૦૧૯ ના રોજ એચ.ડી.એફ.સી.બેન્કમાં ચલણ નં.એ-૧૪૭૮ થી ભરપાઈ કરી અસલ ચલણ અત્રે રજુ કરેલ છે.

રવાના કર્યુ

૧૨|૩|૧૯
મુખ્ય કારોબારી અધિકારી
આણંદ-વલ્લભ વિધાનગર-કરમસદ
શહેરી વિકાસ સત્તામંડળ, આણંદ

બિડાણ :- લે-આઉટ પ્લાનની નકલ નંગ- ૧
ક્રમાંક :- એસ.આર.નં. -૩૯
તારીખ :- ૧૨ /૦૩ /૨૦૧૯
નકલ રવાના :- (૧) મે.કલેકટર સાહેબ, આણંદ તરફ જાણ સારૂ.

(૨) ચીફ ઓફિસરશ્રી, વલ્લભ વિધાનગર નગરપાલિકા, વલ્લભ વિધાનગર, તા.જિ.આણંદ તરફ જાણ સારૂ.

રજીસ્ટર પોસ્ટ એ.ડી.

વિષય :– મોજે : વલ્લભ વિદ્યાનગર, તા.જિ.–આણંદના સીટી સર્વે નં.૧૦૫૯ વાળી કુલ ૮૩૬–૭૮ ચો.મી. જમીન પૈકી પ્લોટ નં.૧૨૪ વાળી ૪૧૮–૬૨ ચો.મી. જમીનમાં **રહેણાંકના** હેતુસર બીનખેતીનો ઉપયોગ કરવા જમીન મહેસુલ સંહીતાની કલમ–૬૫(એ)/૬૭ હેઠળ હેતુફેરની રીવાઈઝ પરવાનગી આપવા બાબત.

નં.જમન–૧/એન.એ./૬૫(એ)–૬૭/એસ.આર./૧૦૮/
૨૦૧૮–૧૯/વશી/ ૩૩૯૫ થી ૩૪૦૪
જિલ્લા કલેકટરની કચેરી,
આણંદ. તા.૧૫/૦૩/૨૦૧૯.

વંચાણમાં લીધા :–

(૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા.૦૧/૦૭/૨૦૦૮
(૨) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૨૦૧૮/૩૨૭/ક, તા.૦૮/૦૫/૨૦૧૮.
(૩) અરજદારશ્રી ભરતભાઇ જગદીશભાઇ મહેશ્વરીની તા.૨૮/૦૮/૨૦૧૮ ની અરજી તથા તા.૧૨/૧૨/૨૦૧૮ ના રોજની પુનઃ અરજી.
(૪) સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, વલ્લભ વિદ્યાનગરના પત્ર નં.સીટીએસ/વશી/૭૫૩/૨૦૧૮–૧૯, તા.૧૧/૦૧/૨૦૧૯.
(૫) નાયબ કલેકટરશ્રી, આણંદના પત્ર નં.એન.એ. / એસ.આર / ૧૧ / ૧૯ / વશી / ૧૫૩ / ૧૯, તા.૨૯/૦૧/૨૦૧૯ થી પુરા થતાં કાગળો.
(૬) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (રાજય) વિભાગ, આણંદના પત્ર જા. નં. સીબી/૪૮૦/સને.૨૦૧૯, તા.૨૪/૦૧/૨૦૧૯.
(૭) મામલતદાર અને કૃષિપંચશ્રી, આણંદના પત્ર નં.ટી.એન.સી/વશી/૩૫, તા.૦૧/૦૨/૨૦૧૯
(૮) નાયબ કલેકટર અને જમીન સંપાદન અધિકારીશ્રી, આણંદના પત્ર નં. એન.એ./એસ.આર./૧૦/૨૦૧૯/વશી/૬૨, તા.૦૧/૦૨/૨૦૧૯.
(૯) નાયબ કલેકટરશ્રી, જ.સુ. અને અપીલ, આણંદના પત્ર નં.ગણત/વશી/૧૫૨, તા.૨૨/૦૧/૨૦૧૯.
(૧૦) શાખાધ્યક્ષશ્રી, જમન–૨ શાખા, કલેકટર કચેરી, આણંદના પત્ર નં.જમન–૨/અભિપ્રાય/વશી/૪૦૭, તા.૧૧/૦૧/૨૦૧૯
(૧૧) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, આણંદના પત્ર નં.આરોગ્ય/એન.એ/અભિપ્રાય/૧૧૬૪/વશી/૨૦૧૯, તા.૧૮/૦૧/૨૦૧૯
(૧૨) સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના નોટીફીકેશન નં. જીએચવી/૧૪૦/૨૦૧/યુડીએ/૧૮૨૦૧૨/૭૪૩/એલ., તા. ૨૮/૦૮/૨૦૧૨.
(૧૩) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, આણંદ–વલ્લભવિદ્યાનગર–કરમસદ શહેરી વિકાસ સત્તામંડળ, આણંદના પત્ર નં. અવકુડા/વશી/૧૧૧, તા.૦૨/૦૨/૨૦૧૯.
(૧૪) અત્રેની કચેરીના પત્ર નં.જમન–૧/એન.એ./એસ.આર./૬૫(એ)–૬૭/૧૦૮/૨૦૧૮–૧૯/વશી/૨૩૦૯ થી ૨૩૧૦, તા.૦૭/૦૨/૨૦૧૯.
(૧૫) અરજદારશ્રીએ તા.૧૫/૦૨/૨૦૧૯ ની અરજી સાથે રજૂ કરેલ અસલ ચલનો તથા પહોંચ.
(૧૬) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, આણંદના પત્ર નં.તજર / બુક / આણંદ / વશી / ૭૬૨, તા.૨૭/૦૨/૨૦૧૯.

કલેક્ટર આણંદ

હુ ક મ :–

મોજે : વલ્લભ વિદ્યાનગર, તા.જિ.–આણંદના સીટી સર્વે નં.૧૦૫૯ વાળી કુલ ૮૩૬–૭૮ ચો.મી. જમીન પૈકી પ્લોટ નં.૧૨૪ વાળી ૪૧૮–૬૨ ચો.મી. જમીન સીટી સર્વે રેકર્ડમાં ભરતભાઇ જગદીશભાઇ મહેશ્વરીના નામે ચાલે છે. જે જમીનનો **રહેણાંકના** હેતુસર બિનખેતીનો ઉપયોગ

કરવા માટે મુખ્ય કારોબારી અધિકારીશ્રી, આણંદ–વલ્લભવિદ્યાનગર–કરમસદ શહેરી વિકાસ સત્તામંડળ, આણંદના તા.૦૨/૦૨/૨૦૧૯ ના આમુખ–(૧૩) માં દર્શાવેલ પત્ર મુજબ સરકારશ્રીના સાદર કરેલ અવકુડાના વિકાસ યોજનાની દરખાસ્તો અન્વયે સવાલવાળી જમીનનો "રહેણાંક ઝોનમાં" સમાવેશ થાય છે. સી.જી.ડી.સી.આર. ની જોગવાઈઓને આધિન રહેણાંકના હેતુસર બીનખેતી પરવાનગી આપે તો વાંધા સરખુ નથી. તથા બીનખેતી પરવાનગી મેળવવા અરજદારશ્રીએ આમુખ–(૩) થી અત્રે અરજી કરેલ છે.

સદર કામે સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, વલ્લભ વિદ્યાનગર મારફતે જરૂરી તપાસ કરાવેલ છે. જે અંગે સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, વલ્લભ વિદ્યાનગરે નિયત ચેકલીસ્ટમાં દરખાસ્ત તૈયાર કરી સવાલવાળી જમીનની પ્રોપટીકાર્ડ નોંધોની ટૂંકી વિગતો દર્શાવતું પત્રક તૈયાર કરી જમીનનું ટાઈટલ કલીયર હોવા બદલ પ્રમાણપત્ર આપેલ છે તથા સવાલવાળી જમીનના હાલના અરજદારશ્રીએ સવાલવાળી જમીનનાં રહેણાંકના હેતુસર હેતુફેરના રીવાઈઝ મંજુરી માંગેલ છે અને રેકર્ડકીય રીતે ટાઈટલ કલીયર છે. સ્થળે જમીન ખુલ્લી હોઈ, તથા અડચણ રૂપ કોઈ લાઈનો પસાર થતી નથી, બોજો નથી. સવાલવાળી જમીનમાં બીનખેતીની પરવાનગી આપવા માટે હકારાત્મક અભિપ્રાય સાથે આમુખ–(૪) ના પત્રથી દરખાસ્ત નાયબ કલેકટરશ્રી, આણંદને મોકલી આપેલ હતી. જે દરખાસ્ત નાયબ કલેકટરશ્રી, આણંદે તેઓના હકારાત્મક અભિપ્રાય સહ આમુખ–(૫) ના પત્રથી અત્રે મોકલી આપેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (રાજય) વિભાગ, આણંદએ આમુખ–(૬) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીનની આજુ–બાજુ મળ્યા મુજબના નકશા અનુસાર આ વિભાગનો કોઈ રસ્તો પસાર થતો નથી. જેથી સવાલવાળા સર્વે નંબર માટે બીનખેતીની પરવાનગી આપવા માટે આ વિભાગે અભિપ્રાય આપવાનો પ્રશ્ન ઉપસ્થિત નથી, તેમ જણાવેલ છે.

મામલતદાર અને કૃષિપંચશ્રી, આણંદએ આમુખ–(૭) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન બાબતે હાલમાં ગણોત કાયદા હેઠળ કેસ ચાલુમાં નથી. તેમજ અપીલ કે રિવિઝન દાખલ થયેલ નથી તેવો અભિપ્રાય આપેલ છે.

નાયબ કલેકટર અને જમીન સંપાદન અધિકારીશ્રી, આણંદએ આમુખ–(૮) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીનની જમીન સંપાદનની દરખાસ્ત તેઓની કચેરીમાં ચાલતી નથી તથા સવાલવાળી જમીનના માલિકીપણા અંગે કેસ, વિવાદ કે અપીલના મુદ્દે કોઈ કાર્યવાહી ચાલુમાં નથી.

નાયબ કલેકટરશ્રી, જ. સુ. અને અપીલ, આણંદના આમુખ–(૯) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન અંગે ગણોતધારાની કલમ–૭૪ હેઠળ કોઈ અપીલ કે કલમ–૭૬.અ મુજબ કોઈ રીવીઝન ચાલુમાં નથી. સદર જમીન બાબતે ગણોતધારા હેઠળ કોઈ હરકત સરખુ નથી. આમ, સવાલવાળી જમીનમાં બીનખેતી પરવાનગી આપવા અંગે હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

શાખાધ્યક્ષશ્રી, જમન–૨ દફતર, કલેકટર કચેરી, આણંદના આમુખ–(૧૦) ના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીન અંગે હાલ આર.ટી.એસ. રજીસ્ટરે કોઈ આર.ટી.એસ. / રીવીઝન અંગેનો વિવાદ ચાલુમાં નથી. જેથી સવાલવાળી જમીનમાં બીનખેતી પરવાનગી આપવા હકારાત્મક અભિપ્રાય આપેલ છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયતની કચેરી, આણંદના આમુખ–(૧૧) ના રોજના પત્રથી જણાવ્યા મુજબ સવાલવાળી જમીનની આજુબાજુ આરોગ્યને હાનિકારક પરિબળો નથી. જેથી સદર જમીનને રહેણાંકના હેતુ માટે ફાળવવામાં આવે તો વાંધા સરખુ નથી. પરંતુ બાંધકામની પ્લીંથ લેવલ ઉંચી રાખવી, પાણીનો ભરાવો ન રહે, વરસાદી, ગટરના પાણીનો યોગ્ય નિકાલ થાય, માખી–મચ્છર ઉત્પતિ સ્થાનો ન બને, પીવાનું પાણી જંતુમુકત મળી રહે, આરોગ્યની તમામ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે, પ્રજાના આરોગ્ય જળવાય ભવિષ્યમાં પણ પ્રજાના આરોગ્યને નુકશાન ન થાય તેવી તમામ તકેદારી રાખવામાં આવે વિગેરે શરતોનું પાલન કરવાની શરતે જમીનની

આજુબાજુ પુરાણ કરી સમતળ બનાવી બાગ બગીચો, સેનેટરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરવી, ભવિષ્યમાં જાહેર આરોગ્યની તમામ કક્ષાએ કાળજી રાખવાની શરતે રહેણાંકના બાંધકામના હેતુ માટે ફાળવવામાં આરોગ્યની દૃષ્ટિએ વાંધા સરખું નથી. પરંતુ ભવિષ્યમાં કોઈ જાહેર આરોગ્યને લગતા પ્રશ્ન ઉભો ન થાય તેવી કાળજી રાખવી, પર્યાવરણ, સ્વચ્છતાની સર્વોત્તમ જાળવણી સતત રહે તેવી શરતોનું પાલન કરવાની શરતે રહેણાંકના બિનખેતી માટે આપવામાં આવે તો આરોગ્યની દૃષ્ટિએ વાંધા સરખુ નથી. તેમ જણાવેલ છે.

અરજદારશ્રીએ સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક : બખપ/૧૦/૨૦૧૮/૩૨૭/ક, તા.૦૮/૦૫/૨૦૧૮ થી ઠરાવ્યા મુજબનું નિયતનમુનાનું સોગંદનામુ રજુ કરેલ છે.

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના આમુખ–(૧૨) ના તા.૨૮/૦૮/૨૦૧૨ ના નોટીફીકેશનથી આણંદ નગરપાલિકા, વલ્લભ વિદ્યાનગર નગરપાલિકા, કરમસદ નગરપાલિકાનો સમાવેશ " આણંદ–વિદ્યાનગર–કરમસદ શહેરી વિકાસ ઓથોરીટી "(AVKUDA) માં કરવામાં આવેલ છે. જે ઓથોરીટીમાં કલેકટરશ્રી, આણંદને ચેરમેન તરીકે તથા પ્રાંત અધિકારીશ્રી, આણંદને મુખ્ય કારોબારી અધિકારી તરીકે નિયુકત કરવામાં આવેલ છે.

મોજે : વલ્લભ વિદ્યાનગર, તા.જિ.–આણંદના સીટી સર્વે નં.૧૦૫૯ વાળી કુલ ૮૩૬–૭૮ ચો.મી. જમીન પૈકી પ્લોટ નં.૧૨૪ વાળી ૪૧૮–૬૨ ચો.મી. જમીન અંગે પ્રોપટીકાર્ડમાં નીચે મુજબની ફેરફાર નોંધો પડેલ છે.

ક્રમ	નોંધ નંબર	તારીખ	નોંધની ટુંકી વિગત
૧	–	૧૯૬૮	ઇ.ઓ.શ્રી ના ઠરાવ આધારે
૨	૨૮૫	૦૯/૦૭/૧૯૯૩	રજી.વેચાણ દસ્તાવેજ અંગેની નોંધ
૩	૨૮૬	૦૯/૦૭/૧૯૯૩	રજી.વેચાણ દસ્તાવેજ અંગેની નોંધ
૪	૧૪૬	૧૦/૦૧/૧૯૯૬	રજી.વેચાણ દસ્તાવેજ અંગેની નોંધ
૫	૧૮૫	૨૩/૧૨/૧૯૯૭	સગીર મુકિત અંગેની નોંધ
૬	૨૦૮	૦૭/૦૧/૧૯૯૮	રજી.વેચાણ દસ્તાવેજ અંગેની નોંધ
૭	૯૭૯૮	૧૮/૦૧/૨૦૧૬	સગીર મુકિત અંગેની નોંધ
૮	૯૭૯૯	૧૮/૦૧/૨૦૧૬	સગીર મુકિત અંગેની નોંધ
૯	૧૧૯૨૦	૧૭/૦૭/૨૦૧૮	સુધારા નોંધ અંગેની નોંધ
૧૦	૧૨૨૨૫	૨૦/૧૧/૨૦૧૮	રજી.વેચાણ દસ્તાવેજ અંગેની નોંધ
૧૧	૧૨૨૪૭	૦૪/૧૨/૨૦૧૮	રજી.વેચાણ દસ્તાવેજ અંગેની નોંધ

ઉપરોકત હકીકત તથા રજુ થયેલ આધાર પુરાવા તેમજ કેસના કાગળો જોતાં આ અંગે આમુખ–(૧), (૨) તથા આમુખ–(૧૨) માં જણાવેલ સરકારશ્રીના ઠરાવની જોગવાઈઓ તથા ઉકત આમુખ–(૨) થી (૧૧) ના અભિપ્રાયો ધ્યાને લેતાં સવાલવાળી જમીનમાં રહેણાંકના હેતુસર બીનખેતી પરવાનગી આપવામાં આવશે તો જે કોઈ શરતો પાળવાની થશે તે પાળવા અરજદારે સંમતિ જવાબ આપેલ છે. સવાલવાળી જમીનમાં હાલના અરજદારશ્રીએ નવેસરથી રહેણાંકના હેતુસર હેતુફેરના રીવાઈઝ પ્લાન મંજુર કરાવીએ સવાલવાળી જમીનમાં લે.રે.કોડની કલમ–૬૫(એ)/૬૭ હેઠળ હેતુફેરની રીવાઈઝ પરવાનગી માંગેલ છે. સવાલવાળી જમીન સ્થળે ખુલ્લી હોઈ લે.રે.કોડની કલમ–૬૭ હેઠળ નિયમોનુસાર દંડ વસુલ લઈ, સવાલવાળી જમીનમાં અરજદારશ્રીની રહેણાંકના હેતુ માટે બીનખેતીમાં ફેરવવા અંગેની માંગણી ગ્રાહય રાખતાં, અરજદારને સદરહુ જમીનના રૂપાંતર કરની રકમ ₹૪,૧૮૭/–, માપણી ફીની રકમ ₹૧,૨૦૦/– તથા સવાલવાળી જમીનમાં લે.રે.કોડની કલમ–૬૭ હેઠળ રીવાઈઝ પરવાનગીના કામે ૪૦ પટ દંડની રકમ ₹૪,૧૮૭/– સરકારશ્રીમાં ચલનથી જમા કરાવવા અત્રેના આમુખ–(૧૪) ના પત્રથી જણાવતાં, અરજદારશ્રીએ રૂપાંતર કર ₹૪,૧૮૭/– (અંકે રૂપિયા ચાર હજાર આઠસો સિત્યાસી પુરા), માપણી ફીની રકમ ₹૧,૨૦૦/– (અંકે રૂપિયા એક હજાર બસો પુરા) તથા ૪૦ પટ દંડની રકમ ₹૪,૧૮૭/– (અંકે રૂપિયા ચાર

હજાર એકસો સિત્યાસી પુરા) સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, આણંદની શાખામાં તા.૧૪/૦૨/૨૦૧૯ ના રોજ જમા કરાવી અસલ ચલનો આમુખ–(૧૫) ના પત્રથી અત્રે રજુ કરેલ છે.

ઉકત રકમ સરકારશ્રીમાં જમા થયેલ છે કે કેમ ? તે અંગે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, આણંદ પાસે ખાત્રી કરાવતાં, તેઓશ્રીએ આમુખ–(૧૬) ના પત્રથી ખાત્રી કરી સદરહુ રકમ સરકારશ્રીમાં જમા થયેલ છે તેમ.જણાવેલ છે.

ચાલુ વર્ષનું જ બીનખેતી આકારનો દર ₹૧૦૫/– તથા લોકલ ફંડ ₹૫૩/– મળી કુલ ₹૧૫૮/– તથા પાછલી બાકી કુલ ૧૪૨૨/– જમીન મહેસુલ પહોંચ નં.–૮૦, તા.૧૫/૦૨/૨૦૧૯ તથા શિક્ષણ ઉપકર ₹૨૭/– તથા પાછલી બાકી કુલ ૨૪૩/– પહોંચ નં.–૧[illegible], તા.૧૫/૦૨/૨૦૧૯ થી તલાટી કમ મંત્રીશ્રી, વલ્લભ વિદ્યાનગર ધ્વારા સરકારશ્રીમાં વસુલ લીધેલ છે જેની પહોંચો રજુ થયેલ છે.

ઉપર મુજબની હકીકત હોઈ અરજદારને મોજે : વલ્લભ વિદ્યાનગર, તા.જિ.–આણંદના સીટી સર્વે નં.૧૦૫૯ વાળી કુલ ૮૩૬–૭૮ ચો.મી. જમીન પૈકી પ્લોટ નં.૧૨૪ વાળી ૪૧૮–૬૨ ચો.મી. જમીનમાં ગુજરાત જમીન મહેસુલ ધારાની કલમ–૬૫(એ)/૬૭ અન્વયે **રહેણાંકના** હેતુ માટે હેતુફેરની રીવાઈઝ બીનખેતીનો ઉપયોગ કરવા નીચેની શરતોને આધીન પરવાનગી આપવામાં આવે છે.

શ ર તો :–

(૧) જમીનના કબજેદારે દર ચોરસ મીટરે ૦.૨૫ પૈસાના દરે બીન ખેતીનો ધારો ₹૧૦૫.૦૦ ન.પૈ. આપવા પડશે.

(૨) બીનખેતીના ઉપયોગ માટે હુકમ કર્યા તારીખથી છ માસની અંદર બાંધકામ ચાલુ કરવું પડશે. અને ત્રણ વર્ષની અંદર પુરુ કરવું પડશે. તેમ કરવામાં ચુક થશે તો બીનખેતીની ઉપજ અને દંડ લેવામાં આવશે તેમજ ઉપરોકત પરવાનગી આપમેળે રદ થયેલી ગણાશે.

(૩) કબજેદારે બીનખેતી ઉપયોગ ચાલુ કર્યાની એક માસની અંદર મામલતદારશ્રી/સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રીને બીન ખેતી ઉપયોગ ચાલુ કર્યાના લેખીત જાણ કરવી તેમ કરવામાં ચુક થશે તો વિશેષધારા ઉપર દંડ લેવામાં આવશે તથા બાંધકામ પુરૂ થયે એક માસની અંદર અત્રે તેની જાણ કરવાની રહેશે.

(૪) કબજેદારે બીનખેતી પ્લોટ મેળવવા માપણી ફી ની રકમ ભરી છે. સદર પ્લોટની સર્વે ખાતેથી માપણી થયા મુજબ હુકમમાં તેમજ સનદમાં જણાવેલ ક્ષેત્રફળ અને વિશેષ ધારો (બદલાશે) સુધારવાને પાત્ર થશે.

(૫) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, આણંદ–વલ્લભવિદ્યાનગર–કરમસદ શહેરી વિકાસ સત્તામંડળ, આણંદના આમુખ–(૧૩) ના પત્રથી જણાવેલ શરતોને આધીન મંજુર કરેલ પ્લાન મુજબનું બાંધકામ કરવું પડશે. અગાઉથી લેખિત પરવાનગી લીધા સિવાય કોઈપણ વધારાનું તથા નવું બાંધકામ કરી શકાશે નહીં.

(૬) પ્લાનમાં નકકી કર્યા પ્રમાણે જે હેતુ માટે પરવાનગી આપવામાં આવી છે તે હેતુ માટે જ ઉપયોગ કરવાનો રહેશે. આ સિવાયનો બીજો કોઈપણ ઉપયોગ લે. રે. કો. ક. ૪૮(૪) મુજબ પ્રતિબંધિત છે, બાંધકામનો ઉપયોગ જો બદલવાનો હશે તો અગાઉથી અત્રેની મંજુરી લેવાની રહેશે.

(૭) એકદમ સળગી જાય તેવા પદાર્થો મકાનના બાંધકામમાં વાપરવા નહીં.

(૮) કોઈ પણ ખાળકુવો જો તેને યોગ્ય રીતે ચોખ્ખુ રાખવાની વ્યવસ્થા ન હોય તો કરવો નહીં.

(૯) પીવાના પાણીના કૂવાથી ૧૦૦ ફુટના અંતરમાં ખાળકૂવો કરવો નહીં. અગર ઉપયોગમાં લેવો નહીં.

(૧૦) સવાલવાળી જમીનમાં મુખ્ય કારોબારી અધિકારીશ્રી, આણંદ–વલ્લભવિદ્યાનગર–કરમસદ શહેરી વિકાસ સત્તામંડળ, આણંદના આમુખ-(૧૩) ના પત્રથી જણાવેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧૧) કંમ્પાઉન્ડની દિવાલ કરવાની હોય તો સાડા ત્રણ ફુટ કરતાં ઉંચી કરવી નહીં.

(૧૨) આ પરવાનગી ગણોતધારા તેમજ ટોચમર્યાદા ધારાની જોગવાઈઓને આધિન છે. જે કબજેદાર / માલિકને બંધનકર્તા રહેશે.

(૧૩) સવાલવાળી જમીન અંગે ગામે લાગુ પડતા બીનખેતી ધારાની રકમ ₹૧૦૫.૦૦ ન.પૈ., લોકલ ફંડ ₹૫૩.૦૦ ન.પૈ. તથા શિક્ષણ ઉપકરની રકમ ₹૨૭.૦૦ ન.પૈ. દર વર્ષે નિયમિત રીતે ભરવાના રહેશે.

(૧૪) બાંધકામ ચાલુ કર્યા પછી બે માસની અંદર કબજેદારે નમુના "એમ" માં સનદ મેળવવી. જે સનદમાં હુકમમાં જણાવેલ શરતો દાખલ કરવી. અન્યથા પરવાનગી રદ થશે.

(૧૫) રીબન ડેવલપમેન્ટ રૂલ્સનો ભંગ થાય તે રીતે બાંધકામ કરી શકાશે નહીં.

(૧૬) મંજૂર થયેલા વિકાસ નકશાના વિનિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે.

(૧૭) આ જમીનના કબજેદારોને સદરહું બીનખેતી પરવાનગીથી સને ૧૯૫૪ના મુંબઈ નગર રચના અધિનિયમની કલમ ૧૨–૨૯ મુજબ સક્ષમ ઓથોરીટીનું કમેન્સમેન્ટ સર્ટિફીકેટ મેળવવામાંથી મુકિત મળતી નથી જેથી પરવાનગી મુજબનું ખેતી સિવાયનું બાંધકામ શરૂ કરતા પહેલા સક્ષમ ઓથોરીટી પાસેથી કમેન્સમેન્ટ સર્ટિફીકેટ મેળવવું પડશે.

(૧૮) સરકારશ્રી તરફથી નકકી કરેલ (વિશેષધારો) બીનખેતી ધારા ઉપરાંત લોકલ ફંડ તથા શિક્ષણ ઉપકરની નિયમોનુસાર કબજેદારે ભરવાની રહેશે. તથા વખતો વખત જે કોઈ ફેરફાર થાય તે બંધનકર્તા રહેશે.

(૧૯) આ સદર જમીનના પ્લોટ વેચાણ રાખનારાઓને ઉકત શરતોની લેખીત જાણ કરવાની રહેશે અને વેચાણ રાખનારાઓએ આ શરતોનું પાલન કરવુ પડશે.

(૨૦) આ પરવાનગી વિરૂધ્ધ કોઈપણ પ્રકારનું બાંધકામ કરવામાં આવશે અગર કરેલું બાંધકામ જે ઉપયોગ માટે મંજુર કરેલ હશે તેના સિવાય બીજા કોઈ પ્રકારના ઉપયોગમાં લેવામાં આવશે તો તેને દુર કરવા અગર ઉપયોગ બદલવા કલેકટરશ્રી કાયદેસર ફરમાન કરી શકશે અને જો નિયત કરેલ સમયમર્યાદામાં તે ઉપયોગ બંધ ન થાય અગર બાંધકામ દુર ન થાય તો સરકારી રાહે દુર કરવા પગલા લેવામાં આવશે અને તે અંગેનો તમામ ખર્ચ કબજેદાર પાસેથી જમીન મહેસુલ ની બાકી તરીકે વસુલ કરવાને પાત્ર થશે.

(૨૧) વરસાદી પાણીના ભુગર્ભ વહન/સંચય માટે (નકશા મંજૂર કરવાની સત્તા ધરાવતાં સત્તાધિકારીશ્રીએ આપેલ મંજૂરી મુજબ) પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨૨) સવાલવાળી જમીનમાં રાખવામાં આવેલ કોમન પ્લોટનો હકક સર્વે પ્લોટ હોલ્ડરોનો રહેશે અને ઉપયોગ કરી શકશે તથા પ્લોટના વેચાણ વખતે તે બાબતનો ઉલ્લેખ કરવાનો રહેશે.

(૨૩) પાણીના કુદરતી વહેણને અવરોધરૂપ ન થાય તે રીતે બાંધકામ કરવાનું રહેશે. બાંધકામ કરવામાં આવનાર વિસ્તારમાં પાણી ભરાઈ ન રહે તે પ્રમાણેનું આયોજન કરવાનું રહેશે. કાંસની હદ છોડીને બાંધકામ કરવાનું રહેશે તથા ઉદ્યોગ કે ઘર વપરાશનું પ્રદૂષિત/ગંદુ પાણી કાંસમાં છોડી શકાશે નહી.

(૨૪) સર્વે નંબરની આગળથી પસાર થતી નહેરની હદ છોડીને તેમજ અન્ય બાગાયતદારોને સિંચાઈ સુવિધામાં વિક્ષેપ ન પડે તે રીતે બાંધકામ કરવાનું રહેશે.

(૨૫) નદીના ડુબમાં જતા વિસ્તારોમાં કોઈ પરવાનગી આપવાની રહેશે નહીં.

(૨૬) નદી કિનારાથી અથવા તો ડુબમાં જતા વિસ્તારથી ૧૫.૦ મીટરનું માર્જીન છોડાવાનું રહેશે.

(૨૭) હયાત નાળીયા રસ્તાના કિસ્સામાં મધ્ય રેખાથી ૯.૦ મીટર અંતર રાખવાનું રહેશે. કે જેથી ભવિષ્યમાં વિકાસ યોજનાના રસ્તા તરીકે રાખી શકાય. તે ધ્યાને લઈ બાકી રહેતા પ્લોટમાં પરવાનગી આપવાની રહેશે.

(૨૮) વર્ગિકૃત રસ્તાથી બિલ્ડીંગ કન્ટ્રોલ લાઈનના ભાગમાં કોઈપણ પ્રકારનું બાંધકામ આપવાનું રહેશે નહીં. જેથી ભવિષ્યમાં તે રસ્તાઓને વિકાસ યોજનાના રસ્તાઓ તરીકે પહોળા કરી શકાય.

(૨૯) સવાલવાળી જમીન અંગે નામદાર દિવાની કોર્ટમાં કોઈ કોર્ટ કેસ ચાલુમાં હશે તો તેમાં જે આખરી નિકાલ થશે તે મુજબ અમલવારી કરવાની રહેશે.

(૩૦) ભારતીય વાયુસેનાના હવાઈમથક તથા ઈન્સ્ટોલેશનથી બાંધકામ કરવાની મર્યાદા ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય ધ્વારા જાહેરનામાથી વખતોવખત બહાર પાડવામાં આવે તેટલી ત્રિજયા બહાર બાંધકામ કરવાનું રહેશે.

(૩૧) કબજેદાર જો ઉપરોકત શરતોનો ભંગ કરશે અને જો જમીન ખેતીની પોતાના કબજામાં ચાલુ રાખશે તો તે લેન્ડ રેવન્યુ કોડની કલમો અને રુલ્સના નિયમોને અનુલક્ષીને કલેકટર અગર બીનખેતીની પરવાનગી આપનાર અધિકારી ફરમાવે તે પ્રમાણે તેમણે ઉપજ દંડ વસુલ આપવા પડશે.

(૩૨) શહેરી વિકાસ વિભાગના લાગુ પડતા સક્ષમ સત્તાધિકારીશ્રીઓ જમીનના ઉપયોગ પ્રમાણે પ્લાન રજુ થતાં જે તે વિસ્તારના અમલી નિયમો પ્રમાણે નિર્ણય કરશે અને ભવિષ્યમાં જયારે મંજુર થયેલ પ્લાન વિરૂધ્ધ કોઈપણ બાંધકામ થાય અથવા તો કોઈપણ રીતે મંજુરીનું ઉલ્લંઘન થાય તો નિયમોનુસારની કાર્યવાહી સક્ષમ સત્તાધિકારી કરશે.

મોજે : વલ્લભ વિદ્યાનગર, તા.જિ.–આણંદના સીટી સર્વે નં.૧૦૫૯ વાળી કુલ ૮૩૬–૭૮ ચો.મી. જમીન પૈકી પ્લોટ નં.૧૨૪ વાળી ૪૧૮–૬૨ ચો.મી. જમીન પરત્વે.

નિવાસી અધિક કલેકટર
આણંદ

પ્રતિ
શ્રી ભરતભાઈ જગદીશભાઈ મહેશ્વરી,
રહે.૯, શાંતિકુંજ સોસાયટી, ગણેશ ચોકડી,
મુ.તા.જી.આણંદ

(રજીસ્ટર પોસ્ટ એ. ડી. દ્વારા)

નકલ રવાના :–

૧. મામલતદારશ્રી, આણંદ(ગ્રામ્ય) તરફ આગળની જરૂરી કાર્યવાહી કરવા સારૂ
૨. ચીફ એકઝીકયુટીવ ઓથોરીટીશ્રી, આણંદ–વિદ્યાનગર–કરમસદ શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળ અને પ્રાંત અધિકારીશ્રી, આણંદ તરફ જાણ સારૂ.
૩. પ્રાંત અધિકારીશ્રી, આણંદ તરફ જાણ સારૂ.
૪. ચીફ ઓફીસરશ્રી, વલ્લભ વિદ્યાનગર નગરપાલિકા, વલ્લભ વિદ્યાનગર જાણ સારૂ.
૫. જિલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર, આણંદ તરફ(માપણી ફીના અસલ ચલણ સાથે)
૬. સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, વલ્લભ વિદ્યાનગર તરફ આગળની જરૂરી કાર્યવાહી કરવા સારૂ.
૭. તલાટીશ્રી, વલ્લભ વિદ્યાનગર તરફ હુકમ મુજબ અમલવારી કરવા સારુ તથા ગામ દફતરે ઉપરોકત શરતોનો ફેરફાર નોંધમાં જરૂરી ઉલ્લેખ કરી ફેરફાર નોંધ પાડવા સારૂ.
૮. રેકર્ડ શાખા
૯. સિલેકટ ફાઈલ

સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક : બખપ / ૧૦૭૯ / ૩૯૧૧૫ / ક, તા. ૧૭/૨૨–૭–૭૯ થી નક્કી થયા મુજબ લે. રે. કોડની કલમ–૬૫(એ)/ ૬૭ હેઠળ હેતુફેરની રીવાઈઝ મંજુરીના હુકમ સાથે સામેલ રાખવાનું પત્રક .

બીનખેતી પરવાનગી આપેલ જમીનના સ. નં., ગામ તથા કબેજદારનું નામ	બીનખેતીની પરવાનગી આપેલ જમીનનું ક્ષેત્રફળ ચો.મી.માં	નિયમ મુજબ લેવાપાત્ર બીનખેતી આકારનો દર તથા કેવા પ્રકારનો બીનખેતી ઉપકર કરવાનો છે. તેની વિગત
૧.	૨.	૩.
ગામ : વલ્લભ વિદ્યાનગર સીટી સર્વે નંબર : ૧૦૫૯ ટી. પી. સ્કીમ નં. : – પ્લોટ નં. : ૧૨૪ કબજેદારનું નામ : શ્રી ભરતભાઈ જગદીશભાઈ મહેશ્વરી	કુલ ૮૩૬–૭૮ ચો.મી. પૈકી પ્લોટ નં.૧૨૪ વાળી ૪૧૮–૬૨ ચો.મી.	૦.૨૫ પ્રતિ ચો.મી. રહેણાંક

વસુલ કરવાના આકારની કુલ રકમ	રૂપાંતર કર લેવાનો હોય તો તેની રકમ	શિક્ષણવેરો લેવાનો હોય તો તેની રકમ	અન્ય કોઈ વેરો વસુલ કરવાનો હોય તો તેની રકમ (લોકલ ફંડ)	કોલમ ૪, ૬, ૭ વેરો કઈ તારીખથી વર્ષથી લેવાનો છે.
₹ માં	₹ માં	₹ માં	₹ માં	₹ માં
૪.	૫.	૬.	૭.	૮.
૧૦૫/–	૪,૧૮૭/–	૨૭/–	૫૩/–	હુકમની તારીખના વર્ષથી

કોલમ–૫ મુજબ રૂપાંતર કર તથા માપણી ફી ₹૧,૨૦૦/–, તથા સવાલવાળી જમીનમાં લે.રે.કોડની કલમ–૬૭ હેઠળ રીવાઈઝ પરવાનગીના કામે અંગે ૪૦ પટ દંડની રકમ ₹૪,૧૮૭/–, તા.૧૪/૦૨/૨૦૧૯ થી જમા કરાવેલાનું અસલ ચલન રજુ થયેલ છે.

ચાલુ વર્ષનું જ બીનખેતી આકારનો દર ₹૧૦૫/– તથા લોકલ ફંડ ₹૫૩/– મળી કુલ ₹૧૫૮/– તથા પાછલી બાકી કુલ ૧૪૨૨/– જમીન મહેસુલ પહોંચ નં.–૮૦, તા.૧૫/૦૨/૨૦૧૯ તથા શિક્ષણ ઉપકર ₹૨૭/– તથા પાછલી બાકી કુલ ૨૪૩/– પહોંચ નં.–૧૩૪, તા.૧૫/૦૨/૨૦૧૯ થી તલાટી કમ મંત્રીશ્રી, વલ્લભ વિદ્યાનગર દ્વારા સરકારશ્રીમાં વસુલ લીધેલ છે જેની પહોંચો રજુ થયેલ છે.

કલેકટર આણંદ

નિવાસી અધિક કલેકટર
આણંદ

નં. જમન–૧/એન.એ./૬૫(એ)–૬૭/એસ.આર./૧૦૮/૨૦૧૮–૧૯/વશી/ ૩૩૬૫ થી ૩૪૦૪
જિલ્લા કલેકટરની કચેરી,
આણંદ. તા.૧૫/૦૩/૨૦૧૯.